પત્રક્રમાંક:-મઉમશબ/SSC/2020/એચ.-575
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેક્ટર – 10/બી, સચિવાલય પાસે
ગાંધીનગર.
તા.11/09/2020

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- તૃતિય એકમ કસોટીના આયોજન અંગે.
સંદર્ભ:-

1) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :-બમશ/1120/142/છ તા.12/02/2020.
2) અત્રેની કચેરીના મઉમશબ/SSC/2020/67-104 તા.01/07/2020 પત્ર અન્વયે.
3) અત્રેની કચેરીના મઉમશબ/SSC/2020/877 તા.06/07/2020 પત્ર અન્વયે.
4) અત્રેની કચેરીના મઉમશબ/SSC/2020/4438 તા.24/07/2020 પત્ર અન્વયે.
5) અત્રેની કચેરીના મઉમશબ/SSC/2020/289 તા.28/07/2020 પત્ર અન્વયે.
6) અત્રેની કચેરીના મઉમશબ/SSC/2020/4457 તા.13/08/2020 પત્ર અન્વયે.

જયભારત સાથે ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે COVID-19 ની મહામારી દરમિયાન શાળાઓ બંધ હોવાની સ્થિતિમાં પણ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી શકે અને અભ્યાસમાં સાતત્ય જળવાઇ રહે તે માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા હોમ લર્નિંગના વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જે માટે ધોરણ-૦૯ થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે દર માસના અંત ભાગમાં એકમ કસોટીનું આયોજન કરવામાં આવે છે. સપ્ટેમ્બર-2020 માં યોજાનાર ધોરણ-૦૯ અને ધોરણ-૧૦ ની તૃતિય એકમ કસોટી માટે નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

<u>સુચનાઓ:-</u>

- ધોરણ- 09 અને 10ની એકમ કસોટી તા. 26 થી 30 સપ્ટેમ્બર દરમ્યાન યોજવામાં આવનાર છે.
- તૃતિય એકમ કસોટીમાં ધોરણ-09 માટે ગુજરાતી (પ્રથમ અને દ્વિતીય ભાષા) અને વિજ્ઞાન તથા ધોરણ-10 માટે ગણિત અને સામાજિક વિજ્ઞાન વિષયોનો સમાવેશ કરેલ છે. દરેક વિષયનું પ્રશ્નપત્ર 25 ગુણનું રહેશે અને તેનો સમયગાળો મહત્તમ એક કલાકનો રહેશે.
- તા:- 25/09/2020 સુધીમાં વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ પહોંચતી કરવાની રહેશે.
- એકમ કસોટીનો અભ્યાસક્રમ જુલાઇ અને ઓગસ્ટ માસ સુધીનો રહેશે. જેના વિષય અને અભ્યાસક્રમની વિગત બિડાણમાં દર્શાવેલ છે.
- ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠયપુસ્તકના આધારે જ એકમ કસોટીનું આયોજન કરવામાં આવશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અત્રેની કચેરીના એકમ કસોટી E-mail એડ્રેસ પરથી એકમ કસોટીના પ્રશ્નપત્રો તા:- 23/09/2020ના રોજ આધિકારિક અને ગોપનીય E-mail એડ્રેસ પર પહોંચાડવામાં આવશે. જે પાસવર્ડ પ્રોટેક્ટેડ હોઇ તે સાથે પાસવર્ડ પણ મોકલી આપવામાં આવશે.

- ➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જિલ્લાના તમામ SVS/QDS કન્વીનરના આધિકારિક અને ગોપનીય ઇ-મેઇલ એડ્રેસ પર તા:- 24/09/2020 ના રોજ એકમ કસોટીના પ્રશ્નપત્રો મોકલવાના રહેશે.
- ➢ SVS/QDS કન્વીનરે તા:- 24/09/2020 ના રોજ પોતાના સંકુલની તમામ ખાનગી/ ગ્રાન્ટેડ/ સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને તેઓના આધિકારિક અને ગોપનીય ઇ-મેઇલ એડ્રેસ પર એકમ કસોટીના પ્રશ્નપત્રો મોકલવાના રહેશે.
- ➢ આચાર્યશ્રીએ તારીખ 25/09/2020 ના રોજ તમામ વિદ્યાર્થીના ઘરે સોફ્ટ કોપી અથવા હાર્ડ કોપીમાં સંબંધિત બંને પ્રશ્નપત્ર પહોંચાડવાના રહેશે.
- ➢ ઉપરોક્ત સાંકળમાં..... GSHSEB → DEO → SVS/QDC કન્વીનર → આચાર્ય એમ દરેક તબક્કાના મેળવેલ E-mail Address નો ઉપયોગ તમામ એકમ કસોટી માટે કરવાનો રહેશે.
- ➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તા:-23/09/2020 ના રોજ અત્રેથી અધિકારીક ઇમેલ એડ્રેસ પર મોકલેલ એકમ કસોટીના પ્રશ્નપત્ર તા:- 25/09/2020 રોજ બોર્ડની વેબસાઇટ www.gseb.orgપર પણ મુકવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓ/વાલીઓ સરળતાથી પ્રશ્નપત્રો મેળવી શકે.
- ➢ વિદ્યાર્થીઓ બંને વિષયની એકમ કસોટીના ઉત્તરો તા.05/10/2020 સુધીમાં પોતાની અનુકુળતાએ અલગથી બનાવેલ નોટબુકમાં, સ્વયં શિસ્તપૂર્વક, વાલીની દેખરેખ હેઠળ ઘરેથી જ લખે તે અંગે આચાર્યશ્રીએ જરૂરી સૂચનાઓ આપવાની રહેશે.
- ➢ વિદ્યાર્થીએ નોટબુકમાં લખેલ ઉત્તરો સોફ્ટ કોપી અથવા હાર્ડ કોપીમાં તા.05/10/2020 સુધીમાં શાળાના આચાર્યશ્રીને પહોંચાડવાના રહેશે. જે વાલી/વિદ્યાર્થી શાળાએ આવી શકે તેમ ન હોય તેમણે સોફ્ટ કોપીમાં મોકલવાની સૂચના આપવી.
- ➢ COVID-19ની પરિસ્થિતિને લક્ષમાં લેતાં કસોટી આયોજન, નોટબુક સ્વીકાર અને મૂલ્યાંકન તથા અન્ય માર્ગદર્શન માટે અત્રેની કચેરીના તા:-13/08/2020ના પત્રમાં આપેલ સૂચનાઓને ધ્યાને લઇ આયોજન કરવાનું રહેશે.

(બી.એ.ચૌધરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ,ગાંધીનગર.

બિડાણ:- ધોરણ 9 અને 10 ની તૃતીય એકમ કસોટી (સપ્ટેમ્બર-2020) નો અભ્યાસક્રમ.

સવિનય નકલ રવાના:-

1) માનનીય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
3) માનનીય નિયામકશ્રી શાળાઓની કચેરી, જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર.
4) માનનીય નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર.
5) માનનીય નિયામકશ્રી જીસીઇઆરટી, સેક્ટર-૧૨, ગાંધીનગર.
6) માનનીય અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
7) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી અને માનનીય સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
8) માનનીય સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

ક્રમાંક/[illegible]/જા.નં./ ૨૦૮૦૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વડોદરા. તા. [illegible]/૨૦૨૦

૨/ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

પ્રતિ,
આચાર્યશ્રી,
શાળા આ તમામ, વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

# ધોરણ -9 તૃતિય એકમ કસોટી માટેનો અભ્યાસક્રમ

| ક્રમ | માસ | પ્રકરણ (ગુજરાતી પ્રથમ ભાષા) | પ્રકરણ (ગુજરાતી દ્વિતિય ભાષા) | વિજ્ઞાન |
|---|---|---|---|---|
| 1 | જુલાઈ | 3. પછે શામળિયોજી બોલિયા – પદ્ય<br>4. ગોપાળબાપા – ગદ્ય<br>5. ગુર્જરીના ગૃહ કુંજે<br>• વ્યાકરણ – વિશેષણ ,સર્વનામ<br>• લેખન – પદ્યાર્થગ્રહણ, નિબંધ | 3. જયાં જયાં વસે ગુજરાતી – પદ્ય<br>4. સિંહનું મૃત્યુ – ગદ્ય<br>5. તું તારા દિલનો દિવો – પદ્ય<br>• વ્યાકરણ – સ્વર ,વ્યંજન,જોડણી<br>• લેખન – વિચારવિસ્તાર | 5. સજીવનો પાયાનો એકમ<br>8. ગતિ |
| 2 | ઓગસ્ટ | 6. લોહીની સગાઈ – ગદ્ય<br>7. કામ કરે ઈ જીતે – પદ્ય<br>8. છલ છોતરાં અને ગોટલાં – ગદ્ય<br>9. પુત્રવધૂનું સ્વાગત<br>• વ્યાકરણ – ધાતુ,પ્રત્યય<br>• લેખન – નિબંધ ,વિચાર વિસ્તાર | 6. ભાષા જાત તો સંસ્કૃતિ જાય – ગદ્ય<br>7. નવસર્જનની વાટે – પદ્ય<br>8. આભાર – પદ્ય<br>• વ્યાકરણ – લિંગ, વચન<br>• લેખન – ગદ્યાર્થગ્રહણ | 14. નૈસર્ગિક સ્રોતો<br>2. આપણી આસપાસના દ્રવ્યો શુદ્ધ છે ? |

# ધોરણ - 10 તૃતિય એકમ કસોટી માટેનો અભ્યાસક્રમ

| ક્રમ | માસ | ગણિત | સામાજિક વિજ્ઞાન |
|---|---|---|---|
| 1 | જુલાઈ | 2. બહુપદીઓ<br>5. સમાંતર શ્રેણી | 2. ભારતનો સાંસ્કૃતિક વારસો : પરંપરાઓ : હસ્ત અને લલિતકલા<br>3. ભારતનો સાંસ્કૃતિક વારસો : શિલ્પ અને સ્થાપત્યકલા |
| 2 | ઓગસ્ટ | 7. યામભૂમિતિ<br>3. દ્વિચલ સુરેખ સમિકરણ યુગ્મ | 4. ભારતનો સાહિત્યિક વારસો<br>10. ભારત : કૃષિ<br>17. આર્થિક સમસ્યાઓ અને પડકારો : ગરીબી અને બેરોજગારી |

11/7/2020

## ધોરણ -9 તૃતિય એકમ કસોટી માટેનો અભ્યાસક્રમ

| ક્રમ | માસ | પ્રકરણ (ગુજરાતી પ્રથમ ભાષા) | પ્રકરણ (ગુજરાતી દ્વિતિય ભાષા) | વિજ્ઞાન |
|---|---|---|---|---|
| 1 | જુલાઈ | 3. પછે શામળિયોજી બોલિયા – પદ્ય<br>4. ગોપાળબાપા – ગદ્ય<br>5. ગુર્જરીના ગૃહ કુંજે<br>• વ્યાકરણ – વિશેષણ ,સર્વનામ<br>• લેખન – પદ્યાર્થગ્રહણ, નિબંધ | 3. જયાં જયાં વસે ગુજરાતી – પદ્ય<br>4. સિંહનું મૃત્યુ – ગદ્ય<br>5. તું તારા દિલનો દિવો – પદ્ય<br>• વ્યાકરણ – સ્વર ,વ્યંજન,જોડણી<br>• લેખન – વિચારવિસ્તાર | 5. સજીવનો પાયાનો એકમ<br>8. ગતિ |
| 2 | ઓગસ્ટ | 6. લોહીની સગાઈ – ગદ્ય<br>7. કામ કરે ઈ જીતે – પદ્ય<br>8. છલ છોતરાં અને ગોટલાં – ગદ્ય<br>9. પુત્રવધૂનું સ્વાગત<br>• વ્યાકરણ – ધાતુ,પ્રત્યય<br>• લેખન – નિબંધ ,વિચાર વિસ્તાર | 6. ભાષા જાત તો સંસ્કૃતિ જાય – ગદ્ય<br>7. નવસર્જનની વાટે – પદ્ય<br>8. આભાર – પદ્ય<br>• વ્યાકરણ – લિંગ, વચન<br>• લેખન – ગદ્યાર્થગ્રહણ | 14. નૈસર્ગિક સ્રોતો<br>2. આપણી આસપાસના દ્રવ્યો શુદ્ધ છે ? |

## ધોરણ - 10 તૃતિય એકમ કસોટી માટેનો અભ્યાસક્રમ

| ક્રમ | માસ | ગણિત | સામાજિક વિજ્ઞાન |
|---|---|---|---|
| 1 | જુલાઈ | 2. બહુપદીઓ<br>5. સમાંતર શ્રેણી | 2. ભારતનો સાંસ્કૃતિક વારસો : પરંપરાઓ : હસ્ત અને લલિતકલા<br>3. ભારતનો સાંસ્કૃતિક વારસો : શિલ્પ અને સ્થાપત્યકલા |
| 2 | ઓગસ્ટ | 7. યામભૂમિતિ<br>3. દ્વિચલ સુરેખ સમિકરણ યુગ્મ | 4. ભારતનો સાહિત્યિક વારસો<br>10. ભારત : કૃષિ<br>17. આર્થિક સમસ્યાઓ અને પડકારો : ગરીબી અને બેરોજગારી |

11/9/2020